OIGS

# પરિપત્ર

જાનં મક/આવિ/૨૦૧૭-૧૮/ ૨૩૦૦
તકેદારી અધિકારીશ્રીની કચેરી
આદિજાતિ વિકાસ વડોદરા
કુબેર ભવન ૭મો માળ "આઈ" બ્લોક
રૂમ નં ૭૨૦, વડોદરા -૩૯૦૦૦૧
તારીખ : ૩૨/૮/૨૦૧૭
ફોન નં ૦૨૬૫- ૨૪૨૨૨૬૩

પ્રતિ

આચાર્યશ્રી

સરકારી, ગ્રાન્ટેડ, નોનગ્રાન્ટેડ માધ્ય.
તથા ઉચ્ચતર માધ્ય. શાખાઓ તમામ,

તાલુકો --------------------જીલ્લો વડોદરા. જિલ્લો-વડોદરા

વિષય: આપની સંસ્થામાં અભ્યાસ કરતા અનુસુચિત જનજાતિનાં વિધાર્થીઓની પ્રિ મેટ્રિક/પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ વર્ષ ૨૦૧૭–૧૮માં ઓનલાઈન કરવા માટેની પૂર્વ તૈયારી બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે સવિનય જણાવવાનું કે આપની સંસ્થામાં ધોરણ ૯ –૧૦માં અભ્યાસ કરતાં અનુસુચિત જનજાતિનાં ૨.૦૦ લાખથી ઓછી આવક તથા ૨.૦૦ લાખથી વધુ આવક ધરાવતા વિધાર્થીઓની પ્રિ– મેટ્રિક સ્કોલરશીપ (ભારત સરકાર/રાજય સરકાર) અને ધોરણ ૧૧ –૧૨માં અભ્યાસ કરતાં અનુસુચિત જનજાતિનાં ૨.૫૦ લાખથી ઓછી આવક વિધાર્થીઓની તથા ૨.૫૦ લાખથી વધુ આવક ધરાવતા વિધાર્થીનીની પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ (ભારત સરકાર/રાજય સરકાર)ની યોજનાઓ જે વર્ષ ૨૦૧૭–૧૮થી ગુજરાત સરકારનાં ઓનલાઈન ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરી ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર હેઠળ ચૂકવવામાં આવનાર છે.
જેની પૂર્વ તૈયારી રૂપે અને સરળતાથી સમયસર વિધાથીઓને સ્કોલરશીપ તેમજ અન્ય યોજનાનુ ચુકવણુ કરી શકાય તે માટે નીચે મુજબની વિગતો ધ્યાને લઈ તે મુજબની કાર્યવાહી કરવા વિનંતી.

૧. સૌ પ્રથમ આપની સંસ્થાનો **DISE** કોડ હોવો જરૂરી છે. **DISE** કોડ ગુજરાત સરકારનાં શિક્ષણ વિભાગનાં સર્વશિક્ષા અભ્યાન ધ્વારા દરેક માન્ય શૈક્ષણિક સંસ્થાને આપવામાં આવતો કોડ છે. જો **DISE** કોડ ન હો તો તે તાત્કાલિક મેળવવાનો રહેશે. **DISE** કોડ દરેક સંસ્થાએ મેળવવો ફરજિયાત છે.

૨. ભારત સરકારનાં આદિજાતિ વિકાસનાં મંત્રાલયનાં પરિપત્ર મુજબ આપની સંસ્થામાં ધોરણ ૧૧–૧૨માં સ્વનિર્ભર ધોરણે ચાલતા અભ્યાસક્રમોની ફી કોઈ ફી રાજયસરકારની કમ્પીટન્ટ ઓથોરીટી ધ્વારા મંજુર કરેલ હોવી જરૂરી છે. આપની સંસ્થાની ફી તે મુજબ જ હશે તો જ મળવાપાત્ર થશે આપે તે મુજબનુ માર્ગદર્શન પ્રવેશ મેળવનાર વિધાર્થીને આપવાનુ રહેશે.

૩. દરેક વિધાર્થી પાસે આધારનંબર હોવો અને તેનુ કોઈપણ બેંક એકાઉન્ટ સાથે સિડીગ/લીકીગ **(Seeding)** થવુ જરૂરી છે. જે વિધાર્થી પાસે આધારનંબર નથી તેને નજીકનાં આધાર એનરોલમેન્ટ સેન્ટર ખાતે રજિસ્ટ્રેશન કરાવવાનુ રહેશે અને તે મુજબની વિધાર્થીઓને સુચના આપી કાર્યવાહી કરવાની રહેશે. બને ત્યાં સુધી આધારકાર્ડમાં દર્શાવેલ નામ અને બેંક એકાઉન્ટમાં દર્શાવેલ નામ સરખુ હોવુ જોઈએ. તથા જન્મતારીખ આધાર કાર્ડમાં અને સંસ્થાનાં રેકોર્ડ મુજબ બંને સરખી હોવી જરૂરી છે.

૪. આધાર નંબર બેંક એકાઉન્ટ નંબર સાથે લીંક/સીડ થયેલ છે કે નહી તે માટેનું ફોર્મ આ સાથે સામેલ છે. વિદ્યાર્થીએ તેની બેંકની બ્રાંચમાં આપીને બેંક પાસેથી લીંક થયેલ છે તે અંગેની ખાતરી કરાવાની રહેશે. આ ફોર્મ સંસ્થાના રેકોર્ડ પર રાખી વિદ્યાથીને ઓનલાઈનમાં એજ બેંકનો એકાઉન્ટ નંબર લખવાનો રહેશે તે અંગેની સમજુતી આપવાની રહેશે.

અથવા

મોબાઈલ પરથી *૧૧*૧૧# નંબર પરથી ડાયલ કરી આધાર નંબર નાખી કઈ બેંક સાથે સિડીંગ થયેલ છે.તે પણ જાણી શકાય છે.

૫. વિદ્યાર્થીનો આવકનો દાખલો મામલતદારશ્રી ,તાલુકા વિકાસ અધિકારીશ્રી નો હોવો જરૂરી છે. મામલતદારશ્રી, તાલુકા અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ આવકનો દાખલો જો નાંણાકીય વર્ષમાં કોઈ આવકમાં ફેરફાર ન થાયતો ત્રણ વર્ષ સુધી ગ્રાહ્ય રહેશે. (તે બાબતનો આવકના પ્રમાણપત્રમાં ઉલ્લેખ હોવો જોઈએ)

૬. વિદ્યાર્થીનો જાતિ દાખલો મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી કે તકેદારી અધિકારીશ્રી / મદદનીશ કમિશ્નરશ્રીનો હોવો આવશ્યક છે.

૭. જે વિદ્યાર્થી પાસે આધાર નંબર કે આધાર એનરોલ કરાવેલ છે તેને પ્રથમ તબક્કામાં જ સ્કોલરશીપ ચુકવણુ કરવામાં આવશે.

૮. વિદ્યાર્થીઓની જાણ સારૂ આ પરિપત્રની નકલ શાળાના નોટીસ બોર્ડ મુકવા ઉપર આચાર્યશ્રીને વિનંતી છે.

બિડાણ :- આધાર નંબર બેંક સિડીંગ ખાતરીનુ ફોર્મ તથા
શાળાએ આપવાનુ થતું આધાર નંબર બેંક સિંડીગની માહિતી પત્રક.

તકેદારી અધિકારી
આદિજાતિ વિકાસ
વડોદરા

## Adhaar Linking/Seeding Certificate

CERTIFICATE TO BE SIGNED BY BRANCH MANAGER

This is certified that Mr/Miss/Mrs ______________________________

(Name of student) S/D/O __________________________________ is

having saving bank account No_________________ in this branch. His /

her Aadhaar Number has been linked with above Saving Bank Account No

_______________

(Signature of Branch Manager)

Address &Official Stamp Of Bank

Dated :

## ઓનલાઈન ડીજીટલ ગુજરાત પોર્ટલ સંદર્ભે વિધાર્થીઓનાં આધારનંબર અને બેંક એકાઉન્ટ નંબર લીક/સિડીગની માહિતી પત્રક

| અ.નં | સંસ્થામાં અભ્યાસ કરતા અનુસુચિત જનજાતિનાં વિધાર્થીઓની સંખ્યા | | | તે પૈકી આધારકાર્ડ ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | | | બેંક એકાઉન્ટ ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | | | આધારનંબર અને બેંક એકાઉન્ટ નંબર સાથે લીક/સિડીગ ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | | | લીક/સિડીગ ન ધરાવતા વિધાર્થીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| ૧ | | | | | | | | | | | | | | | |
| કુલ | | | | | | | | | | | | | | | |